**૧૯૭૪ની સાલમાં આ પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાથી**
**૧૯૬૫ની સાલનું પ્રવચન લેવામાં આવેલ છે.**

## વીર સંવત ૨૪૯૧, ભાદરવા વદ ૧૪, શુક્રવાર
## તા. ૨૪-૦૯-૧૯૬૫, ગાથા-૭, પ્રવચન નં. ૬

ગાથા ચાલે છે ને? એમાં 'પરમાત્મપ્રકાશ' છે આ. આચાર્ય અને ઉપાધ્યાય ને સાધુની સ્થિતિ શું છે, એમ ઓળખીને 'પ્રભાકર ભટ્ટ' એને નમસ્કાર કરે છે. પહેલાં અરિહંત ને સિદ્ધનું સ્વરૂપ ઓળખાવી, ઓળખાણ કરીને નમસ્કાર કર્યો. હવે સાચા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કેવા હોય? એને ઓળખીને નમસ્કાર કરવો એને ખરો નમસ્કાર કહેવાય છે.

હવે, આચાર્યની વ્યાખ્યા ચાલે છે આપણે તો. ણમો લોએ સવ્વ આઈરિયાણં એની વ્યાખ્યા ચાલે છે. જુઓ! અહીં દર્શનથી ફરીને લઈએ, જુઓ! પહેલાં શું લીધું? જુઓ! કે, આ આત્મા છે વસ્તુ અનંત ગુણરૂપ, સ્વરૂપરૂપ, એક સ્વભાવરૂપ આત્મા. એને કર્મનો સંબંધ છે, વ્યવહારે અસદ્‌ભૂત વ્યવહારનયે. વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ એ સંબંધ નથી. એટલે વ્યવહાર પણ જણાવ્યો, કર્મનો સંબંધ છે એમ જણાવ્યું અને વસ્તુના સ્વભાવદૃષ્ટિએ એ સંબંધરહિત છે. પછી આત્માની પર્યાયમાં રાગનો સંબંધ છે. પુણ્ય ને પાપ, દયા, દાન, શુભાશુભ ભાવ, એનો વર્તમાન પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયનયે સંબંધ છે. વસ્તુની અંતર દૃષ્ટિથી જોતાં વસ્તુને એની સાથે કાંઈ સંબંધ નથી. એટલે બે બેનું એકનું જ્ઞાન કરાવ્યું અને એકને ઉપાદેય બનાવ્યો. સમજાણું કાંઈ? પછી ચાર જ્ઞાનની પર્યાય. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય છે. છતાં એ વિભાવગુણ છે. માટે હોવા છતાં તે હેય છે અને એક શુદ્ધ દ્રવ્યસ્વભાવ અખંડ... છે ને છેલ્લું? એ વિભાવપર્યાય રહિત ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ એ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, સાચું એ છે. ઓલું છે ખરું વ્યવહારે સાચું. પણ પરમાર્થે સાચો શુદ્ધાત્મ જ્ઞાયકભાવ અનંત ગુણરૂપ એક સ્વભાવ, એવો શુદ્ધાત્મા તે જ ઉપાદેય ને અંગીકાર કરવા લાયક છે. એની શ્રદ્ધા નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

ચાર ગતિ કીધી. જુઓ! સર્વજ્ઞે જોયેલું તત્ત્વ વ્યવહાર અને નિશ્ચય બેયનું સાથે જ્ઞાન કરાવીને ઉપાદેય શું એ બતાવે છે. ચાર ગતિ છે. એક સમયે એક ગતિ હોય. પણ એ ગતિનો વિભાવભાવ હેય છે. છે ખરો, હેય છે. એકલો સમયસાર ભૂતાર્થ જ્ઞાયક સ્વભાવ એકરૂપ સ્વભાવ, અનંત ગુણનો એકરૂપ સ્વભાવ, એ શુદ્ધાત્મા ભૂતાર્થ. તેની સન્મુખ તેની દૃષ્ટિ કરીને નિશ્ચય સમ્યક્ પ્રગટ કરવું એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**'વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ. ઉસસે જુદી જો પરવસ્તુ હૈ વહ સબ ત્યાજ્ય હૈ.'**

ચાર બોલ કહ્યા એ. ગતિ, મતિજ્ઞાન આદિ વિભાવગુણ, રાગાદિ અશુદ્ધ પર્યાય અને કર્મનો સંબંધ, એ ચારે હેય છે. દૃષ્ટિમાંથી એને છોડવા લાયક છે. એક શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય અનંત ગુણ સ્વભાવરૂપ એક (છે). '**ઐસી દૃઢ પ્રતીતિ...**' એની અંતરમાં નિશ્ચય પ્રતીતિ, '**ચંચલતા રહિત...**' અસ્તિથી દૃઢ પ્રતીતિ (કહ્યું), ચંચલતા રહિત, દોષરહિત '**નિર્મલ અવગાઢ પરમ શ્રદ્ધા હૈ ઉસકો સમ્યક્ત્વ કહતે હૈં,...**' જુઓ! આચાર્યને આવું સમકિત હોય છે. નહિંતર એ આચાર્ય કહેવામાં આવતા નથી. કહો, સમજાણું કાંઈ આમાં?

'**ઉસકા જો આચરણ અર્થાત્ ઉસ સ્વરૂપ પરિણમન વહ દર્શનાચાર...**' એ પ્રતીતનું પરિણમન જે સાથે થવું, એનું નામ દર્શનાચાર આચાર્ય ભગવંતોને હોય છે. સમજાણું કાંઈ? '**ઔર ઉસી નિજસ્વરૂપમેં...**' ભૂતાર્થ જે વસ્તુ એક સ્વરૂપે છે, આ ચારને હેય કરી અને એક સ્વરૂપે સ્વભાવ ભૂતાર્થ, પરમાર્થ સમયસાર છે, એના સ્વરૂપમાં '**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત...**' એ સ્વરૂપમાં સંશય નહિ. કંઈક હશે એમ અનધ્યવસાય નહિ અને વિભ્રમ નામ વિપરીતતા નહિ. ઓલામાં ચાર બોલ રહિત શ્રદ્ધા કીધી હતી. આમાં '**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત જો સ્વસંવેદનજ્ઞાનરૂપ ગ્રાહકબુદ્ધિ...**' ભગવાનઆત્મા જ્ઞાનથી અંતર જ્ઞાન દ્વારા વેદાય, જણાય, અનુભવાય, એવી જે જ્ઞાનની ગ્રાહક સમ્યગ્જ્ઞાન બુદ્ધિ, એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ આચાર્ય ભગવંતને એવું સમ્યગ્જ્ઞાન હોય છે.

'**ઉસકા જો આચરણ અર્થાત્ ઉસરૂપ પરિણમન...**' એ સમ્યગ્જ્ઞાનનું પરિણમન જ પર્યાયરૂપ પરિણમન જ થઈ ગયું. એનું નામ આચાર્યનો જ્ઞાનાચાર ભાવ કહેવામાં આવે છે. કહો, સેઠી! આ આચાર્ય આવા (હોય) એ કોઈ દિ' નક્કી કર્યું નહોતું. એ બરાબર છે (એમ કહે છે). આહાહા..! કાલે ત્યાં સુધી આવ્યું હતું આપણે, લ્યો! સમજાણું? આ તો ફરીને બે આચાર થોડા ભેગા લીધા.

હવે ત્રીજો આચાર્યનો આચાર, ત્રીજો ચારિત્ર આચાર કેવો હોય છે? '**ઉસી શુદ્ધ સ્વરૂપમેં...**' જે પહેલું કહ્યું હતું એ '**તત્રૈવ**' શબ્દ પડ્યો છે ને? ભાઈ! અંદર. '**તત્રૈવ**' '**તત્રૈવ**'-'**તત્ર એવ**'. જે શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકભાવ અનંત ગુણ સ્વભાવરૂપ એકરૂપ, એવો જે ભગવાનઆત્મા '**તત્રૈવ**' એટલે '**ઉસી શુદ્ધ સ્વરૂપમેં શુભ-અશુભ સમસ્ત સંકલ્પ રહિત...**' દેખો! કહો, કોને હશે આ? આઠમે હશે આ? અહીં તો હજી આચાર્યની વાત કરે છે કે, આચાર્ય આવા હોય. સમજાણું? અને એ આચાર્ય ઉપદેશ કરે તો આમ કરશે. ઉપાધ્યાય ઉપદેશ કરશે ને? ત્યારે ઉપદેશ એવો કરશે એ વખતની સ્થિતિનું વર્ણન છે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધ સ્વરૂપમેં શુભ-અશુભ સમસ્ત સંકલ્પ રહિત જો નિત્યાનંદમય નિજરસકા આસ્વાદ,...**' નિત્યાનંદ અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા, એનો આનંદમય નિજ રસ, એનો આસ્વાદ, એનો સ્વાદ, એનો '**નિશ્ચલ અનુભવ, વહ સમ્યક્ચારિત્ર હૈ,...**' આનું નામ સાચું ચારિત્ર. 'અમરચંદભાઈ'! આહાહા..! આ તો વાતેય હજી સાંભળી ન હોય કે ચારિત્ર કેવું હોય. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં. જાઓ! આ શેઠિયા જેવા પણ સમજ્યા વિના જય નારાયણ કરે બધાને. 'મોતીરામજી'! બરાબર છે? ગૃહસ્થ માણસ

શેઠિયા, દસ દસ દીકરા. પેલાને બિચારાને એમ કે ઓહો...! શેઠિયાએ જુઓ દેરાસર બનાવ્યા. અને આ અમને માને છે તો અમે કાંઈક હશું ત્યારે માનતા હશે કે નહિ?

મુમુક્ષુ :- એના કરતા તો સારા ને.

ઉત્તર :- સારા શેના? કહે છે, ભગવાન! માથે કહ્યું હતું એ, હોં! એ સમયસાર એકરૂપ ચિદાનંદ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ. એના અંદરમાં, એના ઉપર એકાગ્ર થઈને નિશ્ચલ આસ્વાદ, આનંદનો આસ્વાદનો અનુભવ, એનું આચરણ નામ પરિણમન એ ચારિત્ર આચાર છે. અહીં તો આનંદનું પરિણમન એને ચારિત્ર આચાર કહ્યો, ભાઈ!

મુમુક્ષુ : સીધે સીધું.

ઉત્તર : હા. સીધી વાત. વળી પંચ મહાવ્રત વ્યવહારનય નહિ પણ નિશ્ચય. વળી ચારિત્ર નિશ્ચય એટલે અતીન્દ્રિય આનંદના અનુભવનમાં આત્માના આનંદનો ઉગ્ર આસ્વાદ લેવો એને ચારિત્રાચાર કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ આનંદ નિશ્ચલ અનુભવ નિજ રસનો નિત્યાનંદનો. શુભાશુભ વિકલ્પરહિત કહ્યું છે. શુભભાવનો આનંદ એમ નથી કહ્યું. અહીં તો અત્યારે હજી છઠ્ઠે ગુણસ્થાને શુભભાવ હોય એમાં એને ચારિત્ર હોય. કોણ જાણે શું કરે છે?

મુમુક્ષુ : ગૃહસ્થથી તો સારા ને?

ઉત્તર : ગૃહસ્થથી સારા શેના? બગડેલું દૂધ મોળી છાશમાંથી જાય. સમજ મેં આયા? છાશ હોય ને? મઠ્ઠો. બગડેલું દૂધ, બગડેલું. બગડેલું દૂધ તો મોળા મઠ્ઠામાંથી જાય. મોળો મઠ્ઠો હોય તો રોટલી પણ ખવાય. બગડેલા દૂધમાં (ખવાય)?

મુમુક્ષુ : રસ વધારે સારો છે..

ઉત્તર : મારી નાખશે, ઓકી નાખશે, બધું કાઢી નાખશે. સમજાણું કાંઈ? એ તો સારા જ છે, એમ કહે છે. મારાથી સારા છે ને! એ મોટા આચાર્ય એમ માને છે અજ્ઞાની.

અહીં તો કહે છે... આહાહા..! શું? જુઓને! વ્યાખ્યા. 'પ્રભાકર ભટ્ટ' આ રીતે ઓળખીને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. એ આઠમી ગાથામાં લેશે. સમજાણું? કે આ રીતે ઓળખીને 'પ્રભાકર ભટ્ટ' નમસ્કાર કરીને 'યોગીન્દ્રદેવ'ને પૂછશે, પ્રભુ! અમને અનંત સંસાર(માં) રખડતા (તે) હવે બંધ કેમ થાય એવો અમને ઉપાય બતાવો. સમજાણું કાંઈ? લ્યો! આ ચારિત્રાચાર. નિત્યાનંદમય શુભાશુભ વિકલ્પરહિત નિજ રસનો આસ્વાદ, નિશ્ચલ અનુભવ, એનું નામ સમ્યક્‌ચારિત્ર, એનું આચરણ પરિણમન એ ચારિત્ર આચાર (છે).

હવે તપ, તપ. એ આચાર્યનો ચોથો તપાચાર. પહેલો દર્શનાચાર, બીજો જ્ઞાનાચાર, ત્રીજો ચારિત્રાચાર, ચોથો તપાચાર. '**ઉસી પરમાનંદ સ્વરૂપમેં...**' દેખો! એ પરમાનંદ સ્વરૂપ જે ભૂતાર્થ જ્ઞાયકભાવ, અતીન્દ્રિય આનંદનો પિંડલો દળ, એમાં. સમજાય છે? '**પરદ્રવ્યકી ઈચ્છાકા નિરોધકર...**' વિકલ્પમાત્રનું ઉત્પન્ન થવું અટકીને. સહજ આનંદરૂપ સ્વભાવિક અતીન્દ્રિય આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ. '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' જેમાં અતીન્દ્રિય આનંદનો સહજ અનુભવ થાય, એને તપસ્યા કહેવામાં આવે છે. કહો,

'મોતીરામજી'! વેળુના કોળિયા નથી, આનંદના કોળિયા છે. જુઓને! **'સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...'** એટલે આ તપસ્યા. 'શોભાલાલભાઈ'!

પ્રશ્ન : આનંદની ધારા બઢતી જાય.

ઉત્તર : હા. બઢતી જાય. અમારે શેઠ ઠીક કહે છે. અતીન્દ્રિય આનંદ અંદરમાં ભર્યો છે એ વધતો જાય. અંદરમાં આનંદ (ઉગ્રપણે વેદાય) ત્યારે એને તપસ્યા કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે, લાંઘણ... લાંઘણ. લંઘન કહે છે ને? શું કહે છે?

જુઓ! **'સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...'** સમજાય છે કાંઈ? લ્યો! **'सुखरसास्वादस्थिरानुभवनं च सम्यक्चारित्रं तत्राचरणं परिणमनं चारित्राचारः, तत्रैव परद्रव्येच्छानिरोधेन सहजानन्दैकरूपेण प्रतपनं तपश्चरणं'** એનું પરિણમન તેને તપશ્ચરણ આચાર-તપાચાર એને કહે છે. આહાહા..! આ આચાર્યને આવા પાંચ નિશ્ચય આચાર હોય છે. પછી વ્યવહાર કહેશે. નિશ્ચય સહિત હોય તો એને વ્યવહાર કહે છે. **'ઉસી શુદ્ધાત્મસ્વરૂપમેં...'** **'ઉસી...'** એટલે **'तत्रैव'** જે ભૂતાર્થ આત્મા એક સમયમાં અખંડ ચિદાનંદ સ્વભાવ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન, એનું આચરણ, એનું તપ પ્રતપન.

**'શુદ્ધાત્મસ્વરૂપમેં અપની શક્તિ કો પ્રકટકર આચરણ પરિણમન વહ વીર્યાચાર હૈ.'** પુરુષાર્થ, સ્વભાવમાં ઉગ્ર પુરુષાર્થ કરીને શુદ્ધાત્મ સ્વરૂપમાં વીર્યનું ફોરવવું, પુરુષાર્થનું ફોરવવું એનું નામ વીર્યાચાર કહેવાય છે. રાગનો વિકલ્પ એ બધો વ્યવહારમાં જાય છે. નિમિત્તની વાત અહીં છે નહિ. **'ઉસી શુદ્ધાત્મસ્વરૂપમેં...'** પોતાની શક્તિને પ્રગટ કરી, લ્યો! પુરુષાર્થથી અનંત આનંદ આદિ શક્તિને પ્રગટ કરી. અનંત ગુણની શુદ્ધતાને પુરુષાર્થ દ્વારા પ્રગટ કરી, આચરણરૂપ પરિણમન થવું એનું નામ વીર્યાચાર છે. **'યહ નિશ્ચય પંચાચારકા લક્ષણ કહા.'** લ્યો! એ સાચા પંચ આચારનું સ્વરૂપ કહ્યું, લક્ષણ કહ્યું. આવા પાંચ નિશ્ચય હોય તો તેને આચાર્ય કહેવામાં આવે છે. નહિતર આચાર્ય કહેવામાં આવતા નથી. સમજાણું કાંઈ?

**'અબ વ્યવહારકા લક્ષણ કહતે હૈં...'** વ્યવહાર જોડે હોય છે. આવા આચાર્યને નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપાચાર, વીર્યાચારમાં જોડે વ્યવહારનો વિકલ્પ, રાગનો વિકલ્પ, વ્યવહાર કેવો હોય છે વ્યવહાર એનો, એનું અહીંયાં જ્ઞાન કરાવે છે. **'નિઃશંકિતકો આદિ લેકર અષ્ટ અંગરૂપ બાહ્યદર્શનાચાર,...'** સમકિતના વ્યવહારાચાર વીતરાગ માર્ગમાં નિઃશંકતા, અન્ય ધર્મની ઈચ્છાનો અભાવ, આદિ આઠ આચાર. નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય પ્રભાવના તે આઠ આચાર હોય છે. નિશ્ચય સમકિત તો કીધું-પોતાના સ્વરૂપમાં અંતર નિશ્ચલ ચંચળતા રહિત પરમ દૃઢ પ્રતીતિ, એનું પરિણમન, એ નિશ્ચય સમકિત. વ્યવહાર સમકિત, એમાં વિકલ્પ આવો એને હોય છે. ભગવાન સર્વજ્ઞે કહેલા માર્ગમાં એને શંકા ન હોય, અન્યમતિ આદિની ઈચ્છા ન હોય, દુગંછા ન હોય, પૂર્ણ ક્યારે થાશે એમ દ્વેષ ન હોય. સમજાય છે? મૂંઝવણ ન હોય, મૂંઝવણને શું કહે છે? ઉલઝન-ગભરાહટ. ક્યાં હશે? કેવો હશે? એમ ન હોય. અમૂઢદૃષ્ટિ હોય. ઉપગૂહન-પોતાના ધર્મની વૃદ્ધિ કરતો હોય અને દોષને ગોપવતો હોય. સ્થિતિકરણ-સ્વરૂપમાં વ્યવહારે

સ્થિર કરતો હોય. વાત્સલ્ય-ધર્મ પ્રત્યે, ધર્મી પ્રત્યે પ્રેમ રાખતો હોય અને પ્રભાવના શુભભાવની હોય. એને સમકિતના આઠ વ્યવહાર આચાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! એ સર્વજ્ઞે કહેલા માર્ગમાં નિઃશંકતા આદિ વ્યવહાર હોય છે. પોતાના સ્વરૂપમાં નિઃશંક આદિનું પરિણમન એ નિશ્ચય છે. બહારમાં વીતરાગ સર્વજ્ઞે કહેલો માર્ગ, એમાં નિઃશંક (હોય). અન્યમતિએ કહેલો (માર્ગ હોય) એમાં બિલકુલ ઈચ્છા હોય નહિ. એવા આઠ આચાર વ્યવહારે વિકલ્પ હોય, એને વ્યવહાર સમકિતના આચાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

હવે, વ્યવહાર જ્ઞાનાચાર. નિશ્ચય જ્ઞાનાચાર તો અંતર સ્વરૂપમાં સ્વસ્વરૂપની ગ્રાહ્ય બુદ્ધિ સ્વસંવેદન બુદ્ધિ, એ નિશ્ચયજ્ઞાન. એની સાથે વ્યવહાર જ્ઞાનનો વિકલ્પ આવો હોય છે. '**શબ્દ શુદ્ધ, અર્થ શુદ્ધ આદિ ઉભય શુદ્ધ...**' જ્ઞાનનો વ્યવહાર છે ને? કાળે ભણવું, વિનયે ભણવું, જેની પાસેથી સમજ્યો એને ગોપવવું નહિ, કોઈ ધર્મ પામતા હોય એને અંતરાય કરવી નહિ. એવા આઠ પ્રકારના બાહ્ય જ્ઞાનાચાર. કહો, સમજાણું કાંઈ? એના આઠ પ્રકારના બાહ્ય આચાર છે એ. જ્ઞાનાચાર. જુઓ! '**कालविनयाद्यष्टभेदा**' અંદર સંસ્કૃતમાં છે. ટૂંકું કર્યું છે. કાળે ભણવું, વિનયથી ભણવું, શુદ્ધિથી ભણવું, બહુમાનથી ભણવું, કોઈ ભણતા હોય એને અંતરાય પાડવી નહિ, અશાતના કરવી નહિ. વિગેરે સમ્યગ્જ્ઞાનના આઠ આચાર, નિશ્ચય જ્ઞાનઆચારના કાળમાં એને આવો ભાવ હોય છે.

હવે, વ્યવહાર ચારિત્ર. નિશ્ચય ચારિત્ર તો કહ્યું હતું કે અંદર નિજાનંદના આસ્વાદનો અનુભવ તે નિશ્ચય ચારિત્ર છે. વ્યવહાર ચારિત્ર, પંચ મહાવ્રત, શુભરાગ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ. શુભરાગ (છે). '**પંચસમિતિ,...**' વિકલ્પ. ઈર્યા, ભાષા, એષણા... આદિ. '**તીનગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્રાચાર,...**' તેર કીધા. પાંચ, પાંચ દસ ને ત્રણ તેર. વ્યવહાર તેર પ્રકારના ચારિત્ર આચારનો વિકલ્પ, એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. એ પુણ્યબંધનનું કારણ છે. પરંપરા તેને મોક્ષનું કારણ કહેશે. સમજાણું કાંઈ? એ વ્યવહારચારિત્ર કહ્યું.

(હવે) વ્યવહારતપ. '**અનશનાદિ બારહ તપરૂપ તપાચાર...**' એ અનશન, ઉણોદરી આદિ બાર તપ છે ને? એનો ભાવ થવો, વિકલ્પ ઊઠવો, એને વ્યવહાર તપાચાર કહે છે. '**અપની શક્તિ પ્રગટ કર મુનિવ્રતકા આચરણ વહ વ્યવહાર વીર્યાચાર...**' અઠ્યાવીશ મૂળગુણનું પાલન, શક્તિ પ્રમાણે બરાબર કરીને, વ્યવહાર મુનિવ્રતનું આચરણ, એ વ્યવહાર વીર્યાચાર. લ્યો! પાંચ થઈ ગયા વ્યવહાર, પાંચ થઈ ગયા નિશ્ચય. '**યહ વ્યવહાર પંચાચાર પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...**' '**पारंपर्येण साधक...**' સંસ્કૃતમાં એમ શબ્દ છે. નિમિત્ત છે ને? નિમિત્ત એટલે એને છોડીને સ્થિર થશે. સમજાણું કાંઈ? અહો..! સ્વભાવને આશ્રયે જે થયેલા પાંચ આચાર, એ જ નિશ્ચય મોક્ષનું સાધક છે. પણ આ વ્યવહારને પરંપરા સાધક કહેવામાં આવે છે. નિમિત્ત છે. વ્યવહારે નિમિત્ત અનુકૂળ ગણીને આવો જ ભાવ એને પાંચ

આચારનો હોય છે, બીજો અન્યમતિઓએ કલ્પેલો (વ્યવહાર), દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એને હોતી નથી, એટલે એને વ્યવહારને નિમિત્તને પરંપરા મોક્ષનું સાધક કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ?

હવે, એ આચાર્ય કેવા હોય છે? જુઓ! ખૂબી હવે. બે વાત કરી. '**નિર્મલ જ્ઞાન-દર્શનસ્વભાવ જો શુદ્ધાત્મતત્ત્વ ઉસકા શ્રદ્ધાન,...**' આચાર્ય જૈનના એટલે વાસ્તવિક તત્ત્વના. જૈનના આચાર્યો એટલે વાસ્તવિક આચાર્ય. કેવા હોય છે? કે, '**નિર્મળ જ્ઞાન-દર્શનસ્વભાવ જે શુદ્ધાત્મતત્ત્વ...**' આખો પદાર્થ-નિર્મળ જ્ઞાન, દર્શન, સ્વભાવવાળો આત્મા. '**ઉસકા યથાર્થ શ્રદ્ધાન,...**' એ પહેલું કહ્યું હતું એના પાંચ લેશે. અહીં તો પ્રરૂપણા કરશે. પાળે અને પળાવે. યથાર્થ સમ્યગ્દર્શન, '**યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ તથા પરદ્રવ્યકી ઈચ્છાકા નિરોધ ઔર નિજશક્તિકા પ્રગટ કરના ઐસા યહ નિશ્ચય પંચાચાર સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ.**' દેખો! ઓલું પરંપરા કહ્યું હતું ને માથે? એની સાથે લીધું. સાક્ષાત્ તો એ મુક્તિનું કારણ છે. ઓલું તો વચ્ચે નિમિત્ત છે, પરંપરા આરોપ દઈને કહેવામાં આવે છે. અરે..! શાસ્ત્રોને પણ જોતા નથી કે આચાર્યો શું કહે છે, એના હૃદય શું છે?

'**ઐસે નિશ્ચય વ્યવહારરૂપ પંચાચારોંકો...**' વ્યવહાર ન જોઈએ વચ્ચે. છે એમાં? છપાઈ ગયું છે? વ્યવહાર ન જોઈએ. વ્યવહાર નથી. કાઢી નાખ્યું છે. છે ને અહીંયાં? કાઢી નાખ્યું છે ને? જુઓને! '**वीतरागनिर्विकल्पसमाधिं स्वयमाचरन्त्यन्यानाचारयन्तीति भवन्त्याचार्या...**' એમ છે. વ્યવહારની વાત નથી. વ્યવહાર જણાવ્યો. એ નિશ્ચય પંચાચારોકો, એમ લેવું. વ્યવહાર કાઢી નાખો વચ્ચે મીંડુ. છે? 'સેઠી'! ક્યાં છે? વ્યવહાર ન જોઈએ. વ્યવહારને મૂકવું અંદર. '**ઐસે નિશ્ચય પંચાચારોંકો આપ આચરેં ઔર દૂસરોંકો આચરવાવેં ઐસે આચાર્યોંકો મૈં વંદતા હૂં.**' આ પાંચને આચરે ને આચરાવે.

મુમુક્ષુ : ....

ઉત્તર : શું થયું? આચરાવે એમાં, ભાઈ! કે, એને કથનવાળો આચાર્ય લીધો છે. બીજાને કહે ને? આવો માર્ગ છે, એમ કહે ને? ત્યારે ઈ કયે ગુણસ્થાને હોય? આઠમા ગુણસ્થાને હોય? સાતમે હોય આ? પાંચ આચાર આચરે ને આચરાવે. આચરાવે એનો અર્થ કે કહે કે આ આચરણ કરો, આવું આચરણ કરો. ઈ છઠ્ઠા ગુણસ્થાનવાળાના નિશ્ચય ને વ્યવહારનું વર્ણન અહીં કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તારા માર્ગની રીત શું છે? અરે..! નિર્વિકલ્પ નિરાવરણ નિર્લેપ ભગવાનઆત્મા, એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ થયા વિના માર્ગની શરૂઆત ક્યાંથી થાય? આહાહા..! એના જ્ઞાન વિના સાચું જ્ઞાન ક્યાંથી હોય? અને એમાં રમણતા વિના ચારિત્રનો આનંદ ક્યાંથી હોય? અને શુદ્ધની ઈચ્છાના આનંદની વૃદ્ધિ વિના એ ઈચ્છાનો નિરોધનો આનંદ કેમ હોય? અને અંદર વીર્યનું પૂર્ણ અનંત શુદ્ધ ગુણનું સામર્થ્ય રસના રૂપે વીર્યાચાર, એ વિના આચાર્યની સ્થિતિ ક્યાંથી હોય? એવા '**પંચાચાર કો આપ આચરેં ઔર દૂસરોંકો અચરવાવેં...**' આચરાવે એટલે? ધ્યાનમાં બેઠો હોય એ આચારાવતો હશે?

મુમુક્ષુ : ઉપદેશ દે છે.

ઉત્તર : ઉપદેશ દે છે. આ તમારા બધા કેટલાક ના પાડે છે. એ પણ પૂર્વના હોય એ ક્યાં જાય?

મુમુક્ષુ : વ્યવહાર કાઢી નાખવો.

ઉત્તર : હા. વ્યવહાર કાઢી નાખવાનો. પાઠમાં વ્યવહાર છે જ નહિ. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. આચરણ એમ આરાધન પહેલું સાધારણ રીતે કહ્યું. અહીં કાઢી નખાવ્યું. નથી, ટીકામાં નથી.

મુમુક્ષુ : ...

ઉત્તર : નહિ, નહિ. નથી. નિશ્ચય પંચાચાર. '**આપ આચરેં...**' જુઓને! પાઠ છે. '**स्वयमाचरन्त्यन्यानाचारयन्तीति...**' બીજાને આચરાવે એટલી વાત છે. સમજાણું કાંઈ? '**निर्विकल्पसमाधिं स्वयमाचरन्त्य...**' જુઓ! ઈ વ્યવહાર કહેવાય. પહેલું કહ્યું ને? જ્ઞાન કરાવ્યું છે, જ્ઞાન કરાવ્યું છે. લ્યો! આવા આચાર્યોને હું વંદન કરું છું. 'પ્રભાકર ભટ્ટ' કહે છે કે આવા આચાર્યોને હું વંદન કરું છું. સમજાણું કાંઈ? જુઓ! આ આચાર્ય.

હવે ઉપાધ્યાય. જૈનના ઉપાધ્યાય સાચા કોણ? ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં. એ ણમો લોએ સવ્વ સાહૂણં છે ને? એ ણમો લોએ સવ્વ પાંચેયમાં આવે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં-એમ પાંચે. છેલ્લે શબ્દ આવે એ પાંચેયમાં લઈ લેવો. સમજાણું કાંઈ? પણ ક્યા? આ આવા હોય એ. સર્વ ઉપાધ્યાય એટલે બીજા બધા ઉપાધ્યાય નામ ધરાવતા હોય ને સ્થાપનાવાળા ને દ્રવ્ય, એ નહિ.

ઉપાધ્યાય કેવા છે? કે પંચાસ્તિકાય, દેખો! પાંચ અસ્તિકાયને એ માને છે. પાંચ અસ્તિકાય. કાળ સિવાય પાંચ અસ્તિ. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય-એ પાંચ. પાંચ વસ્તુને માને ઉપાધ્યાય. સાચા ઉપાધ્યાય જૈનના હોય તે આ પ્રમાણે માને. એ પાંચ અસ્તિકાય જે જગતમાં છે એને ન માને, એ સમકિતી નથી પણ એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

'**પંચાસ્તિકાય, ષટ્દ્રવ્ય, સપ્ત તત્ત્વ, નવ પદાર્થ હૈં, ઉનમેં નિજ શુદ્ધ જીવાસ્તિકાય,...**' એ ઉપાદેય પોતે પ્રરૂપે. સમજાય છે કાંઈ? ઉપાધ્યાયનું કથન ઉપરનું વજન છે ને? ઓલામાં આચરણ ઉપરનું છે. આચાર્ય એટલે આચરે, ઉપાધ્યાય એટલે ઉપદેશ. ઉપાધ્યાય (એમાં) કથનની પદ્ધતિ(ની) મુખ્યતા છે. સાચા-સત્ય ઉપાધ્યાય કોને કહેવા? કે જે પાંચ અસ્તિકાયમાં... માને પાંચ અસ્તિકાય, પણ એમાં '**આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ, અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં, ઐસા ઉપદેશ કરતે હૈં,...**' એવો ઉપદેશ કરે છે. સમજાણું કાંઈ? આ આત્મા અંદર દેહથી ભિન્ન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. એ એક જ અખંડાનંદ ભગવાન અંતરમાં આદરવા યોગ્ય છે, એમ જે ઉપાધ્યાય માને અને પ્રરૂપે (તે સાચા ઉપાધ્યાય છે). સમજાય છે કાંઈ?

ઉપાધ્યાય એને કહીએ, ઉપદેશક એને કહીએ, સાચા ઉપદેશક ઉપાધ્યાય મુનિ એને કહીએ કે, જગતમાં પાંચ અસ્તિકાયના પદાર્થ ભગવાન કેવળીએ દીઠા એવા છે એમ માને. માનીને નિજ આત્મા શુદ્ધ ભગવાનઆત્મા છે, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ આત્મા અંદર છે, એ જ અંતરમાં આદરવા લાયક, ગ્રહણ કરવા લાયક, અનુભવ કરવા લાયક છે. એમ જગતને કહે. પોતે અનુભવે, જગતને કહે એને સાચા ઉપાધ્યાય ઉપદેશક કહેવામાં આવે છે. કહો, 'અમરચંદભાઈ'! આ તો વાત કાંઈ નહિ, .. આ આત્મા, કરો વિકલ્પ. શું પણ વિકલ્પ ઘટાડે? વિકલ્પ ઘટાડે ત્યારે બીજી ચીજ છે ને? રાગ છે, રાગનો વિષય છે, વિષય પરદ્રવ્ય છે. એ પાંચ અસ્તિકાય રાગ-વિકલ્પનો વિષય છે. પણ એમાંથી નિર્વિકલ્પ એક આત્મા (ઉપાદેય કરે). આવું માનીને, જાણીને. સમજાણું કાંઈ? આહાહા..! નિજ શુદ્ધ જીવાસ્તિ પાછો, હોં! ભગવાન શુદ્ધ થઈ ગયા એનું નહિ અહીં.

અહીંયા પરમાત્મા નિજ શુદ્ધ પરમાનંદની મૂર્તિ ભગવાનઆત્મા છે અંતર. અતીન્દ્રિય આનંદનો રસ સ્વભાવ ભરેલો ભગવાનઆત્મા છે. નિજ. એની એને ખબર નથી. હું કોણ છું એની એને ખબર ન મળે. હું તો આ એક વાણિયો છું ને આ વેપારી છું ને આ રાગી છું ને ધૂળ છું ને ગતિવાળો છું. કહે છે કે, તને તારા આત્માની ખબર નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

વળી છ દ્રવ્ય છે જગતમાં. જુઓ! હવે કાળ ભેળવ્યું. પાંચ અસ્તિકાયમાં કાળ નહોતો. અને કાળ ભેળવી છ દ્રવ્ય છે જગતમાં ભગવાને જોયેલા (એમ સિદ્ધ કર્યું). છ વસ્તુ છે. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, (એક) અધર્માસ્તિ, એક આકાશ (એમ) છ દ્રવ્ય અનાદિ-અનંત છે. શું કીધું? સમજાણું? એ નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધ જીવદ્રવ્ય. પહેલાંમાં પાંચ અસ્તિકાયમાં નિજ શુદ્ધ જીવાસ્તિકાય (હતું) અને આમાં નિજ શુદ્ધ જીવદ્રવ્ય (કહ્યું છે). છ દ્રવ્યમાં છ દ્રવ્ય છે. માનવા, વ્યવહારે જાણવા. નિશ્ચયમાં આત્મા ભગવાન નિજ શુદ્ધ જીવદ્રવ્ય. સમજાય છે? એ જ આદરણીય (છે). એ જ આદરણીય અંદર અંગીકાર કર. બાકી બધું છોડવા લાયક છે. દયા, દાનના વિકલ્પો, ગતિ-ફતિ બધું છોડવા લાયક છે, એ આદરવા લાયક નથી. આહાહા..! એમ ઉપાધ્યાય કરે અને પ્રરૂપે. સમજાણું કાંઈ?

'**સપ્ત તત્ત્વ,...**' સાત તત્ત્વ છે ને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. એ સાત તત્ત્વ છે. પણ નિજ શુદ્ધ જીવતત્ત્વ તે આદરણીય છે. દેખો! સંવર, નિર્જરા ને મોક્ષ પણ આદરણીય નહિ. 'સેઠી'! આહાહા..! દયા, દાનના વિકલ્પ તો શુભ છે એ આદરવા લાયક નથી, પણ સંવર-નિર્જરા-મોક્ષની નિર્મળ પર્યાય છે. દ્રવ્યસ્વરૂપ જે શુદ્ધ અખંડાનંદ ભગવાન, પૂર્ણ પૂર્ણ પરમાત્મા નિજ સ્વરૂપ એ જ અંતર અંગીકાર કરવા લાયક છે. ઓહોહો..! કહો, 'નેમિદાસભાઈ'! જુઓ! પાછું બબ્બે વાત કરતાં જાય છે ભેગી. ઓલું છે ખરું. એનું જ્ઞાન હોય એને. આદરણીય એક જ હોય.

'**નવપદાર્થ હૈં,...**' પુણ્ય-પાપ ભેળવ્યા. નવ પદાર્થ છે-જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. પણ નવ પદાર્થમાં નિજ શુદ્ધ જીવ પદાર્થ, દેખો!

નવ પદાર્થમાં પુણ્ય આદરણીય નહિ અને સંવર-નિર્જરા-મોક્ષ પણ આદરણીય નથી; એ પર્યાય છે, હેય છે. ઓહોહો..! એમ ઉપાધ્યાય પ્રરૂપે. 'મોતીરામજી'!

મુમુક્ષુ : પડિમાનું ક્યારે પ્રરૂપશે?

ઉત્તર : પડિમાનું કે દિ' પ્રરૂપશે? પડિમાનું આવી ગયું વચમાં. પડિમા હોય એનો વિકલ્પ જ્ઞાન કરાવે. અરે..! એને આત્મા પરમાત્મ સ્વરૂપ અંદર છે (એની) ખબર ન મળે. અનંત કાળનો અજાણ્યો મૂંઢ. મૂર્ખાઈથી રખડતો ચોર્યાસીના અવતારમાં ધોદા ખાઈ ખાઈને મરી ગયો. સમજાણું કાંઈ? એ રાજા થયો હોય તો મૂંઢ છે ને શેઠિયો થયો હોય તો મૂંઢ છે ને દેવ થયો હોય તોય મૂંઢ છે. 'શોભાલાલભાઈ'! આહાહા..!

આ ભગવાનઆત્મા અંતરમાં વસ્તુ છે કે નહિ, વસ્તુ? તો વસ્તુમાં કોઈ સ્વભાવ શક્તિનું સત્ત્વ છે કે નહિ? તો કેટલી શક્તિઓ એનો પછી એણે વિચાર કરીને (અનુભવ કરવો). અનંત શક્તિઓ છે. એક, બે, ત્રણ એમ નહિ, અનંત. વસ્તુ છે તો એને શક્તિ હોય એટલે સ્વભાવ હોય એટલે ગુણ હોય એટલે સામર્થ્ય હોય. એવા અનંત ગુણનું એક તત્ત્વ એવો એક સ્વભાવ ભગવાન, એ જ ધર્મી જીવે અંતરમાં આદરવા લાયક છે. આહાહા..! એમ ઉપાધ્યાયો પ્રરૂપણા કરે. બીજી પ્રરૂપણા કરે તે ઉપાધ્યાય નહિ. 'અમરચંદભાઈ'! આહાહા..! મંત્રીજી! કેવી વાત છે? આહાહા..! પુણ્યથી ધર્મ મનાવે, પુણ્યથી લાભ મનાવે, પુણ્યને આદરણીય મનાવે એ ઉપાધ્યાય નહિ, એ ઉપદેશક નહિ, એ સાધુ નહિ. આહાહા..!

મુમુક્ષુ : ...

ઉત્તર : માર્ગ સંસાર છે, એને મોક્ષમાર્ગ બતાવે. સમજાય છે કાંઈ? તો પેલા રાડ નાખે. લ્યો! એને સંસાર (કહ્યો). પણ સાંભળ ને! જેટલો રાગ છે એટલું બંધન છે. હોય ભલે. હોય છે, જાણવા લાયક છે ને વ્યવહારે આરાધવા લાયક એમ પણ કહેવાય. પંચાચાર વ્યવહાર. પણ એનું ફળ તો પુણ્યબંધ છે.

ભગવાન અંતર આત્મા... કોઈ પણ માણસ એમ વિચાર કરે કે એક હું છું કે નહિ? પછી વળી ભગવાન ને કેવળી. પણ આ છે કે નહિ આત્મા? તો છે ઈ છે એ શું છે? છે ઈ કાંઈ છે કે નહિ એનામાં? શું પણ? જેમ ગોળ છે. ગોળ છે કે નહિ? છે. તો શું છે? તો એ ગળપણ છે. ગળપણનો પિંડ છે, દળ સફેદ છે, સુંવાળો વગેરે વગેરે. એમ આત્મા છે. તો છે શું એ? જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, શાંતિ છે, વીર્ય છે એવા અનંત અનંત શક્તિનો પિંડ આત્મા છે. કોઈ દિ' ભગવાનનું નામેય સાંભળ્યું નથી કે, ભગવાન કેવા હોય? અને આત્મા કેવો હોય? સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! એ નિજ શુદ્ધ જીવ પદાર્થ નવમાં એક જ આત્મા આદરણીય છે. કેટલી વાત મુકી દીધી છે! નવ તત્ત્વ છે ખરા. જીવ ને જડ બે અને આ પર્યાય-અવસ્થા. શુભ-અશુભ, બે થઈને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. છતાં, હોવા છતાં, છે ખરું. એક જીવ પદાર્થ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એકરૂપ સ્વભાવ અંતર વસ્તુ, એ જ આદરણીય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કેવી વાત સ્પષ્ટ છે!

આવું મનુષ્યપણું મળ્યું એમાં આ કાંઈ નહિ કરે ને મરીને હાલ્યો જાશે. ચોર્યાસીના

અવતારમાં ઘોદા અનંતકાળથી ખાય છે ને ખાશે. એમાં આત્મા શું ચીજ છે એની કિંમત નહિ કરે, તો બીજાની કિંમત જશે નહિ, બીજાની કિંમત ટળશે નહિ. આની કિંમત થાય તો બીજાની કિંમત રહેશે નહિ. આહાહા..! શુભભાવની કિંમત નહિ રહે. અરે..! મોક્ષની પર્યાયની કિંમત નહિ. આખું દ્રવ્ય છે એમાં વળી કિંમત આની ક્યાં કરવી? આની કરવી કે આની કરવી? એમ કહે છે, લ્યો. આહાહા..! જેમાંથી મોક્ષ પર્યાય અનંત અનંત ચાલી આવે છે પ્રવાહ. એવો દ્રવ્ય સ્વભાવ! માથે કીધું હતું ને? સમજાય છે? એક ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ એ જ સાચો છે, ભૂતાર્થ છે, એ જ પરમ સત્ય છે. આહાહા..!

વ્યક્ત છે વસ્તુ, વસ્તુ વસ્તુ તે વળી વ્યક્ત ને અવ્યક્ત કેવી? વસ્તુ છે, છે, પ્રગટ છે. વસ્તુ વળી અપ્રગટ હોય? અપ્રગટનો અર્થ અભાવ થઈ જાય. પણ ક્યાં એ શું વસ્તુ છે? કોને ખબર છે. કાંઈ સાંભળ્યું નહિ, વિચારમાં લીધું નથી. મોટો મહાન પદાર્થ પ્રભુ! આ આત્મા અખંડાનંદ ભગવાન એક સ્વભાવી પદાર્થ, અનંત ગુણ છતાં એક સ્વભાવી દ્રવ્ય લેવું છે ને? ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ, જુઓને ભાષા! દ્રવ્ય એક અખંડ સ્વરૂપ. એનું જ્ઞાન અખંડ, દર્શન અખંડ, આનંદ અખંડ, શાંતિ અખંડ. એવા અનંત ગુણનું એકરૂપ ભગવાન એ જ અંતર્મુખમાં ગ્રહવા લાયક છે, આદરવા લાયક છે, સેવવા લાયક છે ને આરાધવા લાયક છે. આ ભાઈ! કેવી (વાત)? બહારની હોય તો, ભાઈ! લાવો સેવા કરી દઈએ. બે ઘડી કોઈ પૂજા કરી નાખે, ભગવાન પાસે જઈને હાલો સેવા (કરી આવીએ). એ નહિ. એ તો પુણ્ય ભાવ છે. એ તો શુભભાવ, પુણ્યભાવ છે, એ ધર્મ નહિ. આહાહા..! 'જાદવજીભાઈ'!

સાચા ઉપાધ્યાય. ઉપાધ્યાય નામ જેની પાસે જ્ઞાન કરવું હોય અને જે સત્યની વાત કરે એ કેવા હોય? કે અંતરમાં નિશ્ચય પાંચ આચાર તો પાળતા હોય. સમજાય છે? અને આવા તત્ત્વનું તેને બધું જ્ઞાન હોય. નિશ્ચયમાં એનો આત્મા જ આદરણીય એવો અનુભવ કરતાં હોય અને પ્રરૂપણામાં પણ એ જ વાત આવતી હોય. આહાહા..! સમજાણું કાંઈ? એવું લાગે ને એ પોતે એવડો મોટો પણ આમ જાણે શું કહે છે આ? ક્યાં છે પણ આ? એક હતા ને? વકિલ હતા. ધોયેલ મૂળા જેવા આવડો મોટો વખાણ કરો છો તો ગયો ક્યાં? ભગવાનજી વકિલ હતા.

મુમુક્ષુ : નામ ભગવાન.

ઉત્તર : નામ 'ભગવાન' હતું એનું. આવા વખાણ કરો છો, આવો આત્મા આત્મા. પણ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? છે બધો પણ તને ભાન નથી. જ્યાં છે ત્યાં નજરું કરવી નથી. નજર કરવી નથી ને ક્યાં છે? પણ ક્યાં છે પણ આંખ ઉઘાડ તો ખબર પડે કે તે વિના? અંતરના ચૈતન્યના નેત્ર ખોલીને અંતર જ્યોત અનંત ગુણની રાશિ ભગવાન બિરાજે છે. પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ જ પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ બધું છે એમ જાણીને, હોં! એકલો એકલો આત્મા કરે એમ નહિ. એનું કારણ કે, '**पञ्चास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवपदार्थेषु...**' એનું એક સમયની જ્ઞાનની પર્યાયમાં જાણવાની ને શ્રદ્ધા કરવાની તાકાત છે એની. પણ એ પરલક્ષી તાકાત એટલો નહિ. આખું દ્રવ્ય એક સમયમાં અખંડ જ્ઞાયક ચિદાનંદ એક સ્વભાવ, એની અંતરમાં આદરણીય દૃષ્ટિ, અનુભવ

દૃષ્ટિ, સ્થિરતા દૃષ્ટિ, આચરણ દૃષ્ટિ, આચરણભાવ એ આચરતા સંતો જગતને એ આચરવાનું કહે. એ આચરવાનું કહે, એનો ઉપદેશ આપે. આહાહા..! (વર્તમાનમાં તો) આખી પદ્ધતિ ફરી ગઈ, મંત્રીજી! પદ્ધતિ ફરી ગઈ. આ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, તપ કરો, અપવાસ કરો, સોળ ભથ્થુ કરો. હોં! કરને કરને કા.

આ ભગવાનઆત્મા મહાન સ્વરૂપ છે અંદર. એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી એ જ કરવાનું (છે), બીજું કરવાનું શું હતું? બાકી તો જડની શરીરની ક્રિયા થવાની હોય એ થાય, રાગની મંદતા પણ એ કાળે હોય. પણ એ તો પુણ્યબંધનું કારણ છે. અબંધસ્વભાવી દૃષ્ટિમાં આવ્યા વિના અબંધ પરિણામ પ્રગટ થાય નહિ. એ તો બંધ ભાવ છે, હેય છે. અત્યારે તો શુભભાવ જ થઈ પડ્યો છે બધે. ધર્મધ્યાન એ, સંવર-નિર્જરા એ. ઓહોહો..!

આવા અર્થો કરવા મંડ્યા. અરે..! ભગવાન, બાપુ! બહુ કઠણ પડશે. એ આત્માને આવા સત્યમાર્ગની સામે વિરોધમાં આવું નડતર કરે છે ને. આકરું કામ છે. ઓહોહો..! કોણ જાણે કોણ હશે અંદરમાં? ઘરમાં કાંઈ હીરો સારો હોય તો ચારે કોરથી તપાસે છે. કેમ હશે? પ્રકાશ પ્રકાશ. હીરાની કિંમત શું કરવા કરી લોકોએ? કે, એક તો ટકાવ બહુ. ટકાવ. ટકે ટકે ઘણો ને? ટકે સમજે? લાંબો કાળ રહે. ટકે. અને થોડા મળે અને પ્રકાશ કરે. એની એને કિંમત છે. બીજી કિંમત શેની છે એમાં? ત્યારે એ ટકે એવું તત્ત્વ તો આ ત્રિકાળી તત્ત્વ જ્ઞાયક સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. અને જેનો જ્ઞાનપ્રકાશ સ્વભાવ છે, અને જે કો'કને જ અંદર દુર્લભથી પામી શકે છે. આહાહા..!

મુમુક્ષુ :

ઉત્તર : તરવરે. આ પાંચ હજાર માણસ ક્યાં, માણસ ક્યાં હતા ઈ? આત્માને તરવરે ત્યારે કહેવાય. લ્યો! એમ કે, હાથમાં હીરો હોય તો બીજા જાણે તો ખરા, કે આ હીરો છે. તારા દાડિયા શા થયા? હીરો એમાં પડ્યો ને મરી જાય. હાય..હાય..! જુઓને! હમણાં નો કીધું 'ભગવાનભાઈ'નું? કહે છે કે ઓલી મારી તો આમ બધા ગરી ગયા હતા. છરા-છરા. છૂટેને ગોળી? છરા. એની બળતરા થાય. એ તો એક મિનિટમાં ખલાસ થઈ જાય. એમાં ભડકો પેલાનો. 'જગજીવનભાઈ'ના બહુ જાણીતા હતા, ઓળખીતા હતા. નહિ? હા, મેં કહ્યું હતું. હમણાં નહોતા આપણે પોર તમે મળવા નહોતા ગયા સ્ટેશને? સ્ટેશને મળવા ગયા હતા. ખબર છે કે નહિ? એને બધાને ઓળખાણ ખરી ને, મોટા માણસો સાથે બહુ ઓળખાણ એની. અમે ગયા હતા. 'બળવંતભાઈ' નીકળ્યા છે. પોર હતા ને 'કુંડલા' ત્યારે? તો કહેવડાવ્યું છે 'જગજીવનભાઈ'ને કે મળવા આવજો. ગયા હતા મળવા. આ ભાઈ આવ્યા 'કુંડલા'વાળા. આ બળવંતભાઈ, આત્મા છે અંદર. અનંત વીર્યનો ધણી ભગવાનઆત્મા, અનંત જ્ઞાન ને દર્શનનો આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એને અંદરમાં મળવા જાય એકાગ્ર થઈને, એનું નામ ધર્મ કહેવાય છે. આહાહા..! ભારે વાતું પણ, ભાઈ!

મુમુક્ષુ : ... નકલી વસ્તુ માને.

ઉત્તર : નકલી માને. પેલા 'સુરત'ના આવે છે ને હીરા? કેવા કહેવાય છે? શું કહેવાય

ઈ? ઈમિટેશન. ઈમિટેશનને સાચામાં ખપવી નાખે. આહાહા..! ચૈતન્યહીરો ભગવાન! દેહના પરમાણુ માટીથી જુદો. મરતાં પણ એમ કહે છે કે નહિ? આ દેહ છૂટે તો કહે, ભાઈ! જીવ ગયો. એમ કહે છે કે, શરીર ગયું ભેગું? શરીર તો આ પડ્યું રહ્યું. જીવ ગયો. પણ શું જીવ ગયો અંદર? શું હતું જીવમાં? અરૂપી પણ છે શું એ? ભગવાન જાણે કાંઈક હશે વા-બા, પવન-બવન. એ નહિ. શ્વાસ તો જડ, માટી, ધૂળ છે. અંદર ચિદાનંદમૂર્તિ જ્ઞાનનો ઘન આનંદકંદ સચ્ચિદાનંદ અખંડ સ્વભાવી વસ્તુ એ છે. એ કોઈ દિ' એણે દૃષ્ટિમાં, શ્રદ્ધામાં લીધી નથી. કહો, સમજાણું કાંઈ?

જુઓ! એ ઉપાધ્યાય આમાંથી આ બતાવે છે. પંચાસ્તિકાયમાંથી શુદ્ધ જીવાસ્તિકાય, ષટ્ દ્રવ્યમાંથી નિજ શુદ્ધ જીવદ્રવ્ય, સપ્ત તત્ત્વમાંથી નિજ શુદ્ધ જીવતત્ત્વ અને નવ પદાર્થમાંથી શુદ્ધ પદાર્થ (બતાવે છે). '**જો આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ, અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...**' દેખો! શ્રદ્ધામાં બધું છોડવા લાયક છે. એ ચાર જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એ પણ છોડવા લાયક છે. '**ઐસા ઉપદેશ કરતે હૈં,...**' છે? એવો ઉપદેશ કરે છે. 'અમરચંદભાઈ'! આહાહા..! આ તો ઉપદેશ જ ઊંધા થઈ ગયા. આચાર્ય ક્યાં રહ્યા ને ઉપાધ્યાય ક્યાં રહ્યા? ખોખા રહ્યા નામ. આહાહા..!

મુમુક્ષુ : ...

ઉત્તર : ... સંગ કહેવો કોને?

અહીં તો કહે છે, ઉપાધ્યાય સાચા સંત, મુનિ, ઉપદેશકો જેને ભગવાનના કહેલા પદાર્થોનું જ્ઞાન અને નિજ સ્વભાવ ભગવાનઆત્માનો આદરણીય ભાવ, એવું જે કથન જગત પાસે કરે એને ઉપાધ્યાય અને તેને સાધુ, સંત કહેવામાં આવે છે. નહિતર એથી ઊંધુ કહે એ સાધુ, સંત નથી. એ બધા ગડબડીયા ચાર ગતિમાં રખડનારા છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ શ્લોક. 'પ્રભાકર ભટ્ટ' ઓળખીને વંદન કર્યા પછી પ્રશ્ન કરશે.

'**ઐસા ઉપદેશ કરતે હૈં, તથા...**' જુઓ! બીજી વાત. એ ઉપાધ્યાય કેવો ઉપદેશ કરે છે? '**તથા શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન...**' આ શુદ્ધ... પેલા ચારમાંથી લીધું હતું ને? ભાઈ! પંચાસ્તિકાય, દ્રવ્ય, તત્ત્વ અને પદાર્થ એમાંથી લીધુ હતું. હવે શુદ્ધ સ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન એ મોક્ષમાર્ગનું વર્ણન કરે છે. ઉપાધ્યાય કેવો મોક્ષમાર્ગ વર્ણવે? કેવો મોક્ષમાર્ગ કહે? નિશ્ચય મોક્ષમાર્ગ કહે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ (છે). વર્તમાન પુણ્ય-પાપના મેલ ભાવ છે એની પાછળ રહેલો આખો તત્ત્વ, પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે મેલ છે. એની પાછળ ભગવાન '**શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદ રત્નત્રય હૈ,....**' એ અભેદ રત્નત્રય, જે રત્નત્રયથી મોક્ષ મળે છે.

'**વહી નિશ્ચયમોક્ષમાર્ગ હૈ, ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...**' દેખો! 'અમરચંદભાઈ'! આવો ઉપદેશ શિષ્યને દે એને ઉપાધ્યાય કહેવામાં આવે છે. એ શ્રોતાને ઉપેદશ એમ કરે કે આ ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાત્મા, જેમાં અંતર દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. એવો શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર જે અભેદ રત્નત્રય, અભેદ સ્વભાવની સાથે અભેદ થાય છે ને ત્રણ?

એવો અભેદ નિશ્ચય રત્નત્રય એ નિશ્ચયમોક્ષ(માર્ગ છે). જુઓ! અભેદ રત્નત્રય કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો, ભેદરત્નત્રય કહો કે વ્યવહાર કહો. આહાહા..! ભારે વાત, ભાઈ! વાડામાં બેઠા એણે કેટલાકે તો સાંભળ્યું ન હોય. કેવા આચાર્ય ને કેવા ઉપાધ્યાય ને કેવો એનો ઉપદેશ હોય? એય..! 'જમુભાઈ'! અહો..!

**'ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં, ઐસે ઉપાધ્યાયોંકો મૈં નમસ્કાર કરતા હૂં,...'** 'પ્રભાકર ભટ્ટ' કહે છે, આવા ઉપાધ્યાયને હું નમસ્કાર કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? એવી કોઈ કથનપદ્ધતિ સંતોની કે જેમાં આખા જૈનદર્શનનો વ્યવહાર પણ સમાય જાય અને આદરણીય શું એ પણ બતાવે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' પણ એક...

મુમુક્ષુ :- પરમાત્માનો પ્રકાશ...

ઉત્તર :- હા. આત્મા પરમાત્માનું સ્વરૂપ જ છે અંદર. એ દ્રવ્ય સ્વભાવ જે પરમાત્મ સ્વરૂપ, પરમ સ્વરૂપ ભગવાનઆત્મા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું આચરણરૂપ અભેદ આચરણ, એ રત્નત્રય તે જ સાચો મોક્ષનો માર્ગ છે. એમ ઉપાધ્યાય કહે એ સાચા. આથી વિરૂદ્ધ કહે તે ખોટા. સમજાણું કાંઈ?

અરે..! પોતાને મુકીને વાત. અહીં પોતાને આદરીને પછી બીજી વાત. પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ જ્ઞાયક સ્વભાવથી ભરેલો પ્રભુ, અનંત અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, એ જ સત્ય, એ જ ભૂતાર્થ તે સત્યનો સાહેબો, એવો ભગવાન નિજ સ્વરૂપ જ એક શ્રદ્ધવા લાયક છે, જાણવા લાયક છે, આચરવા લાયક છે, રમવા લાયક છે, વેદન કરવા લાયક છે. એવો અભેદ રત્નત્રયનો માર્ગ ઉપાધ્યાય શિષ્યોને કહે છે. દેખો! આ શિષ્યો પણ તેને સાંભળે છે, એમ કહે છે. એમ એ શિષ્યો ના પાડતા નથી કે, ના ના ના ના એવો ન હોય, એવો ન હોય, એમ ન હોય, એમ ન હોય. તો એ શિષ્ય જ નથી, એમ કહે છે. શું કહ્યું? ઉપાધ્યાય આવો નિશ્ચય મોક્ષમાર્ગ અભેદ રત્નત્રય કહે. શિષ્યોને કહે છે. શિષ્યોને કહે છે એનો અર્થ કે એ વિનયથી સાંભળે છે. આવો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નહિ પણ વ્યવહાર લાવો એમ નહિ. એ 'કમલચંદજી'! શું થાય? સમજાણું કાંઈ? વાડામાં એવી વાતને વીંખી નાખી છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો માર્ગ, એમાં રહેલાઓએ પણ ફેરફાર (કરી નાખ્યો). વાડામાં રહેલા. આહાહા..!

આ તો સિંહનો માર્ગ છે. ઘેંટામાં સિંહ ગયો, ઘેંટામાં સિંહ ગયો. બીજા સિંહે રાડ પાડી તો બીજા પૂછડા લઈને ભાગ્યા, સિંહ ન ગયો. એલા કેમ ઉભો રહ્યો તું? કે, મને કાંઈ ત્રાસ ન થયો. સમજ ને કે મારી જાતનો તું છો! એમ ભગવાને ત્રાડ મારી દિવ્યધ્વનિમાં, તું પરમાત્મા મારી જાતનો, મારી નાતનો, મારા સ્વરૂપે છે એવો તું છો અંદરમાં. સાંભળનાર જાગે છે કે, આહાહા..! હું એ જ છું. આ પુણ્ય-પાપ ને સંયોગમાં રહું છું એ હું નહિ. આહાહા..! સમજાણું? જુઓ! ઉપદેશ આવ્યો ને એટલે આવ્યું. ઉપદેશ આવ્યો ગર્જના. ઉપાધ્યાયની આવી ગર્જના! અભેદ રત્નત્રય મોક્ષમાર્ગ. હે શિષ્ય! સાંભળ. ઓલો ના પાડતો નથી, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાત્ર વિના વસ્તુ ન ટકે.

**'ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...'** કે, નહિ... નહિ... નહિ... નહિ. સાધારણ માણસને એમ ન કહેવો. ફલાણાને ન કહેવો. અરે..! સાંભળને. સાધારણ એટલે કે ભગવાનઆત્મા છે. એક ક્ષણમાં ફાટ ફાટ પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન લે એવો છે ઈ. આહાહા..! નથી નથી, ન કરી શકે, ન કરી શકે. તું રાડું પાડે છે ભિખારીની જેમ. સમજાણું કાંઈ? ચૈતન્યના સરોવર ભગવાન અનંત ગુણનો સાગર છે. એનામાં ક્ષણમાં કેવળજ્ઞાન પૂર્ણ પર્યાય થવાની તાકાતવાળો છે. એને એમ કહેવું કે, આવો નહિ... આવો નહિ... આવો નહિ. (એમાં) એનો અનાદર થાય છે. સમજાણું કાંઈ? જુઓને! અહીંયા પણ 'બ્રહ્મદેવે' ટીકા પણ કેવી કરી છે? આચાર્ય આવા હોય એને ઓળખીને કરે છે. આવે છે ને 'પ્રવચનસાર'માં? હું જ્ઞાન દર્શન સ્વરૂપી આત્મા. હું અરિહંતને નમસ્કાર કરું છું. અરિહંત કેવા? કે આવા. એ શૈલી બધી લીધી છે. શૈલી બધા આચાર્યોની (એવી અલૌકિક છે). સમજાણું કાંઈ? આહાહા..!

**'ઐસે ઉપાધ્યાયોંકો મૈં નમસ્કાર કરતા હૂં ઔર શુદ્ધ જ્ઞાન સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વકી આરાધનારૂપ...'** સાધુની વાત કરે છે. શુદ્ધ જ્ઞાન ભગવાન, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ અંતર. એવો શુદ્ધાત્મ તત્ત્વ, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ છે ને શબ્દમાં? બુદ્ધનો અર્થ જ્ઞાન કર્યો. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ. એની આરાધનામાં **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં,...'** દેખો! અંતરમાં **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં, ઉન સાધુઓંકો મૈં વંદતા હૂં.'** એને સાધુ કહેવાય છે.

મુમુક્ષુ : વ્યવહાર...

ઉત્તર : વ્યવહારની વાતેય કરી નથી. અંતર અખંડાનંદ પ્રભુ શુદ્ધાત્મ કેવો? કે, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ, બસ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ, એવો ભગવાન એ જ આરાધે. આરાધનારૂપ, આરાધનારૂપ. **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં, ઉન સાધુઓંકો મૈં વંદતા હૂં.'** કહો, સમજાણું? **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો આચરતે હૈં,...'** એ આચાર્ય, એ આચાર્ય. એવા નિર્વિકલ્પ સમાધિને કહે એ ઉપાધ્યાય અને **'સાધતે હૈં, વે હી સાધુ હૈં.'** એ સાધુ. ત્રણના લઈ લીધા ત્રણ. આહાહા..!

**'અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ યે હી પંચપરમેષ્ઠી વંદને યોગ્ય હૈં, ઐસા ભાવાર્થ હૈ.'** લ્યો! આ પાંચ પરમેષ્ઠી આ રીતે વંદન કરવા લાયક છે, એ ભાવાર્થ કર્યો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)